GJKH040010372025

દાખલ તારીખ ૦૧–૦૯–૨૦૨૫
નોધ્યા તારીખ ૦૧–૦૯–૨૦૨૫
ફેસલ તારીખ ૧૪–૦૫–૨૦૨૬
સમય ગાળો વર્ષ – માસ– દિન
૦૦ – ૦૮– ૧૩

सत्यमेव जयते

# FORM A

## મહેરબાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં, માતર.

## (ચુકાદાની તારીખ:૧૪/૦૫/૨૦૨૬)

## ફોજદારી કેસ નં.૭૯૧/૨૦૨૫

## લીંબાસી પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦ ૪૦૩૩ ૨૫૦૦૩૨/૨૦૨૫

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| પ્રતિનિધિ કરનાર | વિ.એ.પી.પી.શ્રી એન.એન.શેઠ |
| આરોપી | (૧) બાબુભાઇ શકરાભાઇ મકવાણા,<br>(૨) સતિષભાઇ બાબુભાઇ મકવાણા,<br>(૩) સચિનભાઇ બાબુભાઇ મકવાણા,<br>તમામ રહે.શકિતમાતાવાળુ ફળીયુ, અંબાઇપુરા, તાબે વીરોજા, તા.માતર,જી. ખેડા. |
| પ્રતિનિધિ કરનાર | વિ.વ.શ્રી પી.વી.સોલંકી |

# FORM - B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૧–૦૩–૨૦૨૫ |
| ફરીયાદની તારીખ | ૦૧–૦૩–૨૦૨૫ |
| ચાર્જસીટ દાખલ કર્યા તારીખ | ૦૧–૦૯–૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૧૨–૧૧–૨૦૨૫ |
| પુરાવો શરુ કર્યા તારીખ | ૧૧–૦૫–૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૧૪–૦૫–૨૦૨૬ |
| સજાનો હુકમ કર્યાની તારી જો હોય તો | – |

## :: આરોપીની વિગતો ::

| નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામા | કયાં ગુનાનો આક્ષેપ છે | નિદોર્ષ છોડવામા આવ્યા કે | શુ સજા કરી ? | સી.આર.પી.સી. કલમ– |
|---|---|---|---|---|---|---|---|

જયુડી.મેજી.ફ.ક.માતર (નરેન્દ્રકુમાર)
કોડ : જીજે.૦૧૪૪૦

| | | | આવેલ હોય તેની વિગત | ? | કસુરવાર ? | | જર મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાબુભાઇ શકરાભાઇ મકવાણા | ૩/૩/૨૫ | ૩/૩/૨૫ | ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ-૧૧૫(૨), ૧૧૮, ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ | વિશ્વસનીય પુરાવાનાં અભાવે છોડી મુકયા | -- | -- |
| ૨ | સતિષભાઇ બાબુભાઇ મકવાણા | ૩/૩/૨૫ | ૩/૩/૨૫ | | | - | - |
| ૩ | સચિનભાઇ બાબુભાઇ મકવાણા | ૩/૩/૨૫ | ૩/૩/૨૫ | | | - | - |

## FORM C

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદક્ષપક્ષ તરફે મૌખિક પુરાવો :: -

| ક્રમ અને નિશાની | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| **PW-1-13** | ફરીયાદી મયુરભાઇ ઉમેદભાઇ | ફરીયાદી |
| **PW-2-14** | સાહેદ તેજલબેન મયુરભાઇ | સાહેદ |
| **PW-3-15** | સાહેદ અજયભાઇ ઉમેદભાઇ | સાહેદ |
| **PW-4-16** | સાહેદ રોહીતભાઇ શનાભાઇ | સાહેદ |
| **PW-4-17** | સાહેદ ગીતાબેન ઉમેદભાઇ | સાહેદ |

### (બી) બચાવપક્ષે સાહેદ :-

| **RANK** | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| **--** | -- | -- |

### (સી) કોર્ટ સાહેદ :-

| **RANK** | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| **--** | -- | -- |

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

**ફરીયાદપક્ષ તરફે અંકિ પાડેલા દસ્તાવેજી પુરાવા**

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | EXHIBIT-P.1 | ફરીયાદ |
| ૨ | EXHIBIT-P.2 | ગુનાવાળિ જગ્યાનુ પંચનામુ |
| ૩ | EXHIBIT-P.3 | હથીયાર કબજે કરેલ તે પંચનામુ |
| ૪ | EXHIBIT-P.4 | એમ.એલ.સી. સર્ટી |
| ૫ | EXHIBIT-P.5 | ગીતાબેનનુ સારવાર સર્ટીફીકેટ |
| ૬ | EXHIBIT-P.6 | તેજલબેનનુ સારવાર સર્ટીફીકેટ |
| ૭ | EXHIBIT-P.7 | હથીયાર બંધી જાહેરનામું |

**બચાવપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :**

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

**કોર્ટ તરફે અંકિ પાડેલ દસ્તાવેજી પુરાવા:–**

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | - | – |

**મુદામાલની વિગત :–**

| અ.નં. | આર્ટી.નં. | મુદામાલની વિગત |
|---|---|---|
| ૧ | **એમ.આર.નં.૭૦–૨૦૨૫** | **કોદાળી નંગ–૧** |
| ૨ | **એમ.આર.નં.૭૦–૨૦૨૫** | **વાંસની લાકડી નંગ–૧** |
| ૩ | **એમ.આર.નં.૭૦–૨૦૨૫** | **લાકડી નંગ–૧** |

## // ચુકાદો //

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ ગઈ તા.૦૧–૦૩–૨૦૨૫ નાં કલાક ૦૭:૩૦ વાગ્યાનાં સુમારે મોજે શકિત માતાવાળુ ફળીયુ અંબાઈપુરા તાબે વીરોજા મુકામે આ કામનાં ફરીયાદીનાં સાહેદ અજય રામદેવપીરની બીજ હોય ટેપમાં ધાર્મીક ગીતો વગાડતાં હોય આરોપી નં.૧ હાથમાં

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

કોદાળી લઇ આવી ફરીયાદી સાહેદોને અભિમાનથી ટેપ કેમ વગાડો છો તેમ જણાવી ગાળો બોલવા લાગતાં ફરીયાદીએ ગાળો બોલવાની નાં પાડતાં આરોપી ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને બોચીનાં ભાગે કોદાળી મારી ઈજા કરી સાહેદો છોડાવવા જતાં આરોપીએ સાહેદ ગીતાબેનને કોદાળીનાં ગોદા મારી આરોપી નં.૨,૩ નાઓ ઉપરાંણું લઇ આવી આરોપી નં.૨ નાએ સાહેદ અજયને બરડામાં તથા ડાબા પગનાં સાથળ ઉપર તથા સાહેદ તેજલબેનને સાથળનાં ભાગે તેમજ આરોપી નં.૩ નાઓ સાહેદ રોહીતને ડાબા હાથે તથા બરડાનાં ભાગે તથા ડાબા પગનાં સાથળનાં ભાગે લાકડીની ઝાપટો મારી ઈજાઓ કરી જાનથી મારી નાંખવાની ધાક ધમકીઓ આપી જીલ્લા મેજી. સાહેબશ્રીનાં જાહેરનામાનો ભંગ કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૮, ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કયાનો આક્ષેપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી :–

ઉપરકોત ગુના સબબની ફરીયાદ આ કામનાં ફરીયાદીએ માતર પોલીસ સ્ટેશનમાં નોંધવાતા તે આધારે સદર ગુનાની તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસ સંભાળી લઇ જરુરી પંચનામા કરી, લાગતાં વળગતાં સાહેદોનાં જવાબો લઇ, આરોપીઓને અટક કરેલાં અને આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવો મળી આવતાં અત્રેની કોર્ટમાં ચાર્જસીટ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

ચાર્જસીટ ફાઇલ થયા બાદ આરોપીઓને સમન્સ કરવામાં આવેલ જે સમન્સની બજવણી થતાં આરોપીઓ કોર્ટમાં હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીઓ મુદતે હાજર રહેતાં તેઓની સામે આંક–૦૪

થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને ત્યાર બાદ આંક–૦૫ થી ૦૭ સુધી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં તેઓને આક્ષેપીત ગુનો કબુલ નથી અને કેસ કાર્યવાહી આગળ ચલાવવી છે તેવું જાહેર કરેલ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ છે.

**(૪) બચાવપક્ષનો પુરાવો :**

સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાં વધુ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદપક્ષનાં પુરાવાને લક્ષમાં લેતાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરી સોગંદ પર જુબાની તેમજ બચાવનાં સાહેદો તપાસ નથી તેવું જણાવેલ છે અને આરોપીઓનો વિશેષ જવાબ નોંધવામાં આવેલ છે.

**(૫) દલીલો ::**

આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષનાં વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકત સદરહુ કેસનાં ન્યાયીક નિર્ણય અથે મારી સમક્ષ નીચે મુજબનાં મુદા ઉપસ્થીત થયેલ છે.

**–:: મુદાઓ ::–**

૧. શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ ગઈ તા.૦૧–૦૩–૨૦૨૫ નાં કલાક ૦૭:૩૦ વાગ્યાનાં સુમારે મોજે શકિત માતાવાળુ ફળીયુ અંબાઈપુરા તાબે વીરોજા મુકામે આ કામનાં ફરીયાદીનાં સાહેદ અજય રામદેવપીરની બીજ હોય ટેપમાં ધાર્મીક ગીતો વગાડતાં હોય આરોપી નં.૧ હાથમાં કોદાળી લઈ આવી ફરીયાદી સાહેદોને અભિમાનથી ટેપ કેમ વગાડો છો તેમ જણાવી ગાળો બોલવા લાગતાં ફરીયાદીએ ગાળો બોલવાની નાં પાડતાં આરોપી ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને બોચીનાં ભાગે કોદાળી મારી ઈજા કરી સાહેદો છોડાવવા જતાં આરોપીએ સાહેદ ગીતાબેનને કોદાળીનાં ગોદા મારી આરોપી નં.૨,૩ નાંઓ ઉપરાંણું લઈ આવી આરોપી નં.૨ નાએ સાહેદ અજયને બરડામાં તથા ડાબા પગનાં સાથળ ઉપર તથા સાહેદ તેજલબેનને સાથળનાં ભાગે તેમજ આરોપી

(નરેન્દ્રકુમાર)
જ્યુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

નં.૩ નાઓ સાહેદ રોહીતને ડાબા હાથે તથા બરડાનાં ભાગે તથા ડાબા પગનાં સાથળનાં ભાગે લાકડીની ઝાપટો મારી ઈજાઓ કરી જાનથી મારી નાંખવાની ધાક ધમકીઓ આપી જીલ્લા મેજી.સાહેબશ્રીનાં જાહેરનામાનો ભંગ કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૮, ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શુ હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓનાં મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**// કારણો //**

**(૮) મુદા નં.૧ ની ચર્ચા ::**

ફરીયાદપક્ષે તેઓનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનાં સાહેદોને તપાસેલ છે.

(૮.૧) સદર કામે ફરીયાદપક્ષે આંક–૧૩ થી ફરીયાદી મયુરભાઇ ઉમેદભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ સવારનાં સમયે ઘર પાસે બનેલો. બનાવ સમયે તેઓ, તેજલ, તેમનાં મમ્મી, અજય વગેરે ઘરે હતા અને અજય ટેપમાં ધાર્મીક ગીત વગાડતાં હતાં તે વખતે પાડોશમાં રહેતાં બાબુભાઇ કહેવા લાગેલ કે તમે લોકો અભિમાનથી ટેપમાં ગીતો કેમ વગાડો છો તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સીવાય બીજુ કઇ બનેલ નહી. બનાવ અંગેની ફરીયાદ આપેલી જે ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવતાં હોય જેને આંક–પી.૧ આપવામાં આવેલ છે. સદર ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન આપતાં નાં હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલાં સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓને નામદાર કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ છે, તેઓ પક્ષકારો વચ્ચે હવે કોઇ તકરાર રહેતી નથી, આરોપીઓ તેમનાં સગા કાકા અને કાકાનાં દીકરા થાય છે.

(૮.૨) આંક–૧૪ થી સાહેદ તેજલબેન મયુરભાઇ તેમની પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ સવારનાં સમયે ઘર પાસે બનેલો. બનાવ સમયે તેઓ, મયુર, તેમનાં સાસુ, અજય વગેરે ઘરે હતાં અને અજય ટેપમાં ધાર્મીક ગીત વગાડતાં હતાં તે વખતે પાડોશમાં રહેતાં બાબુભાઇ કહેવા લાગેલ કે તમે લોકો અભિમાનથી ટેપમાં ગીતો કેમ વગાડો છો તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સીવાય બીજુ કંઇ બનેલ નહી. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલ. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન આપતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલાં સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓને નામદાર કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ છે, તેઓ પક્ષકારો વચ્ચે હવે કોઇ તકરાર રહેતી નથી, આરોપીઓ તેમનાં સગા કાકા અને તેમનાં દીકરા થાય છે.

(૮.૩) આંક–૧૫ થી સાહેદ અજયભાઇ ઉમેદભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ સવારનાં સમયે ઘર પાસે બનેલો. બનાવ સમયે તેઓ, મયુર, તેજલ, તેમનાં મમ્મી વગેરે ઘરે હતા અને અજય ટેપમાં ધાર્મીક ગીત વગાડતાં હતાં તે વખતે પાડોશમાં રહેતાં બાબુભાઇ કહેવા લાગેલ કે તમે લોકો અભિમાનથી ટેપમાં ગીતો કેમ વગાડો છો તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સીવાય બીજુ કંઇ બનેલ નહી. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલ. સદર સાહેદ પોલીસ નીવેદનની

હકીકતને સમર્થન આપતાં નાં હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલાં સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કોઇ ફળદાયી હકીકત જણાવતાં નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓને નામદાર કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ છે, તેઓ પક્ષકારો વચ્ચે હવે કોઇ તકરાર રહેતી નથી, આરોપીઓ તેમનાં સગા કાકા તથા તેમનાં દીકરા થાય છે.

(૮.૪) આંક–૧૬ થી સાહેદ રોહીત શનાભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ સવારનાં સમયે ઘર પાસે બનેલો. બનાવ સમયે અજય, મયુર, તેજલ, તેમનાં કાકી વગેરે ઘરે હતાં અને અજય ટેપમાં ધાર્મીક ગીત વગાડતાં હતાં તે વખતે પાડોશમાં રહેતાં બાબુભાઇ કહેવા લાગેલ કે તમે લોકો અભિમાનથી ટેપમાં ગીતો કેમ વગાડો છો તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સીવાય બીજુ કંઇ બનેલ નહી. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલ. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન આપતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલાં સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓને નામદાર કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ છે, તેઓ પક્ષકારો વચ્ચે હવે કોઇ તકરાર રહેતી નથી,આરોપીઓ તેમનાં સગા કાકા તથા તેમનાં દીકરા થાય છે.

(૮.૫) આંક–૧૭ થી સાહેદ ગીતાબેન ઉમેદભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ સવારનાં સમયે ઘર પાસે બનેલો. બનાવ સમયે તેઓ, મયુર,

(નરેન્દ્રકુમાર)
જ્યુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

તેજલ, અજય વગેરે ઘરે હતાં અને અજય ટેપમાં ધાર્મીક ગીત વગાડતાં હતાં તે વખતે પાડોશમાં રહેતા બાબુભાઈ કહેવાં લાગેલ કે તમે લોકો અભિમાનથી ટેપમાં ગીતો કેમ વગાડો છો તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સીવાય બીજુ કંઈ બનેલ નહી. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલ. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન આપતા નાં હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલાં સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓને નામદાર કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ છે, તેઓ પક્ષકારો વચ્ચે હવે કોઈ તકરાર રહેતી નથી, તેમના સગા દીયર અને તેમનાં દીયરનાં દીકરા થાય છે.

(૯) હવે આક્ષેપીત ગુનો સાબીત કરવા માટેનાં આવશ્યક તત્વો વંચાણે લેવા જરુરી હોય ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૧૧૮, ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ નીચે મુજબ છે.

115. **Voluntarily causing hurt.—**

(1)...xxxxxx

(2) Whoever, except in the case provided for by sub–section (1) of section 122 voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to ten thousand rupees, or with both.

118. **Voluntarily causing hurt or grievous hurt by dangerous weapons or means.—**

(નરેન્દ્રકુમાર)
જ્યુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

(1) Whoever, except in the case provided for by sub–section (1) of section 122, voluntarily causes hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as a weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance, or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine which may extend to twenty thousand rupees, or with both.

(2) Whoever, except in the case provided for by sub–section (2) of section 122, voluntarily causes grievous hurt by any means referred to in sub–section (1), shall be punished with imprisonment for life, or with imprisonment of either description for a term which shall not be less than one year but which may extend to ten years, and shall also be liable to fine.

351. **Criminal intimidation.—**

(1) ...xxxxxx

(2) Whoever commits the offence of criminal intimidation shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

(3) ...xxxxxx

(4) ...xxxxxx

352. **Intentional insult with intent to provoke breach of peace.**—Whoever intentionally insults in any manner, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

54. **Abettor present when offence is committed.**— Whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

(૯.૧) વધુમાં આ કામે રેકર્ડ વંચાણે લેતાં આંક–પી.૭ થી મે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનું હથીયાર બંધીનું જાહેરનામું રજુ છે. સદર જાહેરનામા બાબતે ફરીયાદપક્ષે કોઇ માહીતગાર કર્મચારી કે અધિકારીને આ કામે તપાસેલા નથી. તેમજ ફરીયાદપક્ષે સદર જાહેરનામા બાબતે કોઇ જાહેર સ્થળ પર ચોંટાડી કે ઢંઢેરો પીટી જાહેરનામાની પ્રસિધ્ધિ કરાવેલ હોય તેવુ જણાય આવતું નાં હોય ફરીયાદપક્ષ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરતાં હોય તેમ જણાય આવતું નથી. જેથી આરોપીઓએ

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય તેમ નિ:શંકપણે કહી શકાય તેમ નથી.

(૧૦) આમ, ઉપરોકત જણાવેલ કાયદાની જોગવાઇ વંચાણે લેતાં હાલનાં કામે તપાસવામાં આવેલ આંક–૧૩ થી ફરીયાદી મયુરભાઇ ઉમેદભાઇનો પુરાવો વંચાણે લેતાં બનાવની હકીકત જણાવી આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલાનુ જણાવે છે. તેમજ બનાવ બાબતે ફરીયાદ આપેલી. સદર ફરીયાદી હોસ્ટાઇલ જાહેર થયેલ છે. જયારે ઉલટ તપાસ વંચાણે લેતાં આરોપીઓ સાથે સમાધાન થઇ ગયેલ હોય અને હાલ કોઇ જ તકરાર રહેતી નથી તેમજ આરોપીઓ તેમનાં સગા કાકા તથા તેમનાં દીકરા થાય છે તેમ જાહેર કરેલ છે. વધુમાં આંક–૧૪ થી સાહેદ તેજલબેન મયુરભાઇ, આંક–૧૫ થી સાહેદ અજયભાઇ ઉમેદભાઇ, આંક–૧૬ થી સાહેદ રોહીત શનાભાઇ, આંક–૧૭ થી સાહેદ ગીતાબેન ઉમેદભાઇનો પુરાવો વંચાણે લેતાં તેઓ ફરીયાદ તથા પોલીસ નીવેદનની હકીકતને સમર્થન કરતાં નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. જયારે ઉલટ તપાસમાં નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે. તેઓ પક્ષકારોને કોઇ તકરાર રહેતી નથી તેમજ આરોપીઓ તેમના સગા કાકા અને દીયર તથા તેમના દીકરા થાય છે. આમ, હાલનો કહેવાતો બનાવ ફરીયાદપક્ષનાં પુરાવાથી સાબીત થતો નથી તેવું અત્રેની કોર્ટનું માનવું છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આક્ષેપીત ગુનાનાં તત્વો પુરવાર થતાં નથી. આ કામે આંક–૧૯ થી પુરાવા બંધની પુરસીસ રજુ રાખી વધુ કોઇ પુરાવો આપવો નથી તેવું જાહેર કરેલ છે. જેથી આરોપીઓ સામેનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ ગયેલ છે. તેમ માનીને મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.ર ના જવાબમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(નરેન્દ્રકુમાર)
જ્યુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

## // હુકમ //

(૧) આ કામનાં આરોપી નં.(૧) બાબુભાઇ શકરાભાઇ મકવાણા, (૨) સતિષભાઇ બાબુભાઇ મકવાણા, (૩) સચિનભાઇ બાબુભાઇ મકવાણા, તમામ રહે.શકિત માતાવાળુ ફળીયુ, અંબાઇપુરા, તાબે વીરોજા, તા.માતર, જી.ખેડા નાંને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧ અન્વયે તેઓની સામેનાં ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૮, ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુનાનાં કામે વિશ્વસનીય પુરાવાનાં અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ઉપરોકત ચુકાદા વિરુધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવાં સંજોગોમાં આરોપીઓની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧ માં કરવામાં આવેલ જોગવાઇ અનુસાર દરેક આરોપીને રૂા.૫,૦૦૦/– (અંકે રુપીયા પાંચ હજાર ) નાં સધ્ધર જામીન અને તેટલી જ રકમનાં જાત જામીન આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામે કબજે કરેલ મુદામાલનો અપીલ સમય વિત્યે ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૫/૨૦૨૬
સ્થળ:માતર

**(નરેન્દ્રકુમાર)**
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦

**STENO: I.A.PARMAR**

(નરેન્દ્રકુમાર)
જયુડી.મેજી.ફ.ક.માતર
કોડ : જીજે.૦૧૪૪૦